**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
**www.vidhyayanaejournal.org**
**Indexed in: ROAD & Google Scholar**

# આત્મા યોજના સંલગ્ન ખેડૂતોનું ખર્ચ-લાભ વિશ્લેષણ

**સંશોધક**

**પરમાર મીતલબેન ધીરજલાલ**

એમ. એ, એમ.ફીલ, જી-સેટ,

પીએચ. ડી સ્કોલર,

અર્થશાસ્ત્ર ભવન,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

**સારાંશ:**

ભારતીય અર્થકારણમાં કૃષિ ક્ષેત્ર અતિ મહત્વનું સ્થાન ધરાવે છે. આમ દેશના વિકાસ માટે પણ કૃષિનો વિકાસ ખૂબ જરૂરી છે. તેથી કૃષિના વિકાસ માટે સરકારે અનેક યોજનાઓ બહાર પાડી છે તેમાંની આત્મા યોજના એ પણ કૃષિ વિકાસ માટેની એક યોજના છે. વર્તમાન અભ્યાસ નીચેના ઉદેશ્ય સાથે હાથ ધરવામાં આવ્યો છે. (1) આત્મા યોજના સાથે સંલગ્ન ખેડૂતોની આર્થિક બાબતોનો અભ્યાસ કરવો (2) આત્મા યોજના સાથે સંલગ્ન વિવિધ લાભો અને ખેડૂતોની ખેતીમાં આવેલા પરિવર્તનોનો અભ્યાસ કરવો. પ્રસ્તુત સંશોધન પત્રનો અભ્યાસ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં કરવામાં આવ્યો છે. ધ્રોલ તાલુકામાં આવેલા કુલ 41 ગામડાઓમાંથી પ્રસ્તુત સંશોધન માટે કુલ 9 ગામડાઓની લોટરી પદ્ધતિ દ્વારા યાદચ્છિક નમૂના પસંદગીની રીતે પસંદગી કરવામાં આવી છે. 9 ગામડાઓમાંથી દરેક ગામડા દીઠ 10 ખેડૂતોની કે જેવો આત્મા યોજના સાથે જોડાયેલા હોય તેમની વિશિષ્ટ નમૂના પસંદગીની રીતે (સ્નોબોલ પદ્ધતિ) દ્વારા પસંદગી કરી સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. વર્તમાન અભ્યાસ પ્રાથમિક માહિતી પર આધારિત છે. તેમજ અભ્યાસમાં ટકાવારી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અભ્યાસના અંતે એવા તારણો મળ્યા છે કે, છેલ્લા ત્રણ વર્ષથી આત્મા યોજનામાં જોડાયેલા ખેડૂતોનું પ્રમાણ વધારે છે. તેમજ આત્મા યોજનામાં જોડાયા પછી ખેડૂતોની આવક વધવાથી તેમના જીવન - ધોરણમાં સારો વધારો થયો છે.અને કૃષિવિષયક માર્ગદર્શન મેળવીને ખેડૂતોની ખેતીમાં પરિવર્તનો આવ્યા છે. પ્રસ્તુત અભ્યાસ પરથી જાણવા મળે છે કે, ખેડૂતોને પોતાના પાકનું ધાર્યું ઉત્પાદન મળે છે. પણ ખેત પાકોના પૂરતા ભાવો મળતા નથી.

**પ્રસ્તાવના :**

ભારત ખેતીપ્રધાન દેશ છે. દેશના અર્થતંત્રમાં કૃષિ અને તેના સંબંધિત ક્ષેત્રનો મહત્વપૂર્ણ ફાળો છે. દેશનું આર્થિક અને સામાજિક માળખું કૃષિ ક્ષેત્ર પર ટકેલ છે. તેથી જ કૃષિ અને સંબંધિત ક્ષેત્ર ભારતીય અર્થવ્યવસ્થાનો આધાર સ્તંભ છે. કૃષિ ક્ષેત્રનો આજે પણ એટલો જ વિકાસ થઈ રહ્યો છે તેમજ કૃષિમાં આધુનિક અભિગમની સાથે નવીન ટેકનોલોજી આવી રહી છે.ખેડૂતોને નવીન જાણકારી સરળતાથી મળી રહે તેમજ યાંત્રિક અને પ્રાયોગિક જ્ઞાન મળી રહે તે માટે આત્મા યોજના દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. આત્મા પ્રોજેક્ટ દ્વારા ખેતીને રાજ્ય કક્ષાએથી વૈશ્વિકકક્ષા સુધી પહોંચાડવા ખેડૂતોને વિવિધ માધ્યમો દ્વારા ખાસ

પ્રેરણા પૂરી પાડવામાં આવી  રહી છે.

**ચાવીરૂપ શબ્દો:** ATMA યોજનાં, ખેડૂતો

## આત્મા યોજનાનો અર્થ :

યોજનાનું  ટૂંકાક્ષરી નામ` આત્મા´ છે. જે તેના અંગ્રેજી મૂળાક્ષરોના અનુસંધાનમાં રજુ થાય છે. `એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી´ના પ્રથમ ચાર મૂળાક્ષરો દ્વારા તે`આત્મા'(ATMA) નામે ઓળખાય છે. આ યોજના કેન્દ્ર સરકારની યોજના છે. ખેતીવાડીના ટેકનીકલ જ્ઞાનના વિસ્તરણ દ્વારા ખેડૂતો અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા કૃષિ પેદાશોની ઉત્પાદકતામાં વધારો કરી શકે તે માટેની આ યોજના છે. આત્મા પ્રોજેક્ટની કાર્યવાહી જિલ્લા કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટર કરે છે. કૃષિ સંલગ્ન તમામ એકમોને સાંકળીને જિલ્લાના સર્વાંગી વિકાસ માટેની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આત્મા યોજનાની મુખ્ય  પ્રવૃત્તિઓ જે નીચે મુજબ છે.

(1) તાલીમ (2) નિદર્શન (3) પ્રેરણા પ્રવાસ (4) કિસાન ગોષ્ઠિ અને ખેડૂત વૈજ્ઞાનિક ગોષ્ઠિ (5) કૃષિ મેળા અને પ્રદર્શન (6) ખેતર શાળા (7) બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ

## સંદર્ભ સાહિત્યની સમીક્ષા :

### (1) પ્રકાશ. કે અને દીપક. ડી-(2008)

KNOWLEDGE LEVEL OF ATMA BENEFICIARIES ABOUT BEE-keeping

KNOWLEDGE LEVEL OF ATMA BENEFICIARIES ABOUT BEE-keeping નામનો સંશોધન પત્ર સત્ય પ્રકાર અને દીપક ડી. દ્વારા 2008 માં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આત્મા પ્રોજેક્ટ બિહારના ચાર જિલ્લાઓમાં ચાલી રહ્યો છે.  અને મધુબની જિલ્લાને અભ્યાસ માટે હેતુપૂર્વક પસંદ કરવામાં આવ્યો હતો. જેમાંથી મધુબની, પંડૌલ, રાજનગર અને ખંજૌલી નામના ચાર બ્લોકની અભ્યાસ માટે અવ્યવસ્થિત રીતે પસંદ કરવામાં આવ્યા હતા. પ્રસ્તુત અભ્યાસ મધમાખી ઉછેર વિશે લાભાર્થીઓના જ્ઞાનના સ્તરનો અભ્યાસ કરવા અને મધમાખી પાલન વિશેના જ્ઞાન અને કેટલીક પસંદ કરેલી સામાજિક -વ્યક્તિગત લાક્ષણિકતાઓ અને

VIDHYAYANA

Vidhyayana - ISSN 2454-8596

An International Multidisciplinary Peer-Reviewed E-Journal

www.vidhyayanaejournal.org

Indexed in: ROAD & Google Scholar

લાભાર્થીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી માહિતીના સ્ત્રોતો વચ્ચેના જોડાણનો અભ્યાસ કરવા માટે હાથ ધરવામાં આવ્યો હતો. મોટાભાગના લાભાર્થીઓ 42.22 % મધમાખી ઉછેર વિશે મધ્યમ જ્ઞાન ધરાવતા હતા. પ્રસ્તુત અભ્યાસ દર્શાવે છે. કે રાષ્ટ્રીયકૃત ટેકનોલોજી પ્રોજેક્ટના ટેકનોલોજી પ્રસાર ઘટકમાં નવીનતાઓએ તેનું અસ્તિત્વ સ્થાપિત કર્યું છે. અને અભ્યાસ ક્ષેત્રે એક છાપ છોડી છે.

### (2) વી. એમ. પટેલ, જે. જે. મિસ્ટી, અને ડી. બી. પટેલ (2017)

ADOPTION Of RECOMMENDED WHEAT AND COTTON PRODUCTION TECHNOLOGIES BY ATMA BENEFICIARY FARMERS

પ્રસ્તુત સંશોધન પત્રનો અભ્યાસ આત્મા પ્રોજેક્ટ સાથે જોડાયેલા ખેડૂતોને ભલામણ કરેલ ઘઉં અને કપાસ ઉત્પાદન તકનીકોને અપનાવવા માટે ગુજરાત રાજ્યના ગાંધીનગર જિલ્લામાં હાથ ધરવામાં આવ્યો હતો. અભ્યાસના નમૂનામાં 200 ATMA લાભાર્થી ખેડૂતોની પસંદગી કરવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધન પત્રમાં કારણ- તુલનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આંકડાશાસ્ત્રીય પદ્ધતિમાં સહસંબંધ ગુણાંકનો ઉપયોગ કરી યોગ્ય તારણો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવામાં આવ્યા હતા. નીચે દર્શાવેલ અમુક હેતુઓને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત સંશોધન પત્ર રજૂ કરવામાં આવ્યો હતો. (1) આત્મા યોજના દ્વારા ભલામણ કરેલ ઘઉં અને કપાસમાં ઉત્પાદન તકનીકો અંગે આત્મા પ્રોજેક્ટના લાભાર્થી ખેડૂતોના અપનાવવાના સ્તરને માપવા. (2) આત્મા યોજનાના લાભાર્થીને ભલામણ કરેલ ઘઉં અને કપાસમાં ઉત્પાદન તકનીકો અંગે તેમના અપનાવવાના સ્તર વચ્ચેના સંબંધને સુનિશ્ચિત કરવા. અભ્યાસના અંતે એવા તારણો પ્રાપ્ત થયા છે કે,મોટાભાગના આત્મા યોજનાના લાભાર્થી ખેડૂતો ઘઉં અને કપાસની ખેતીની ટેકનોલોજીને મધ્યમ સ્તરે અપનાવતા હતા. આત્મા યોજનાના લાભાર્થીઓને ભલામણ કરેલ તકનીકોને અપનાવવા પર સકારાત્મક અને નોંધપાત્ર પ્રભાવ સ્થાપિત કર્યો હતો.

### સંશોધનના હેતુઓ :

(1) આત્મા યોજના સાથે સંલગ્ન ખેડૂતોની આર્થિક બાબતોનો અભ્યાસ કરવો.

(2) આત્મા યોજના સાથે સંલગ્ન વિવિધ લાભો અને ખેડૂતોની ખેતીમાં આવેલા પરિવર્તનો નો અભ્યાસ કરવો.

## સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધનનો પ્રકાર વ્યવહારુ સંશોધન છે. સંશોધનની વર્તમાન સમસ્યાના ઉકેલ માટે વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરી શકાય છે.વર્તમાન અભ્યાસમાં વર્ણાત્મક સંશોધન પદ્ધતિની પૈકી સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## વ્યાપવિશ્વ અને નિદર્શ પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધન પત્ર જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકા સંલગ્ન છે.ધ્રોલ તાલુકામાં આવેલા કુલ 41 ગામડાઓમાંથી પ્રસ્તુત સંશોધન માટે કુલ 9 ગામડાઓની લોટરી પદ્ધતિ દ્વારા યાદચ્છિક નમૂના પસંદગીની રીતે પસંદગી કરવામાં આવી છે. પસંદ થયેલ કુલ 9 ગામડાઓમાંથી દરેક ગામડા દીઠ 10 ખેડૂતોની કે જેવો આત્મા યોજના સાથે જોડાયેલા હોય તેમની વિશિષ્ટ નમૂના પસંદગીની રીતે (સ્નોબોલ પદ્ધતિ) દ્વારા પસંદગી કરી સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. આમ,કુલ 90 ખેડૂતોની સ્નોબલ પદ્ધતિ દ્વારા નિદર્શ તરીકે પસંદગી કરી પ્રસ્તુત સંશોધન  હાથ ધરવામાં આવ્યું છે. એટલે કે, 9 ગામડામાંથી 90 ઉત્તરદાતા પાસેથી પ્રશ્નાવલી ભરાવીને તેમની પાસેથી કાળજીપૂર્વક માહિતી મેળવવામાં આવી છે. જે અંગેની વિગત નીચે કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે.

## માહિતીનું એકત્રીકરણ:

સર્વેક્ષણ દ્વારા એક સરખી ઢબે માહિતી પ્રાપ્ત કરવામાં આવે છે. સંશોધનો આધાર માહિતી પર રહેલો છે.માહિતી જેટલી સાચી તેટલું સંશોધનનું પરિણામ સાચું અને વાસ્તવિક મળે છે. આ અભ્યાસ પ્રાથમિક માહિતી સ્ત્રોત પર આધારિત છે.પ્રસ્તુત અભ્યાસ પૂર્ણરૂપે ગ્રામીણ વિસ્તાર હોવાથી, ગ્રામીણ વિસ્તારમાં અક્ષર જ્ઞાનનું પ્રમાણ ઓછું હોવાથી માહિતી પૂર્ણ રૂપે મળી શકે તે માટે સંશોધક  દ્વારા ઉત્તરદાતા સાથે રૂબરૂ વાર્તાલાપ કરી પ્રશ્નો પૂછીને તેણે આપેલા જવાબોની નોંધ કરીને કાળજી પૂર્વક પ્રશ્નાવલી ભરાવીને માહિતી મેળવેલ છે.પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત માહિતીના વિશ્લેષણ માટે ટકાવારી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

1. ઉત્તરદાતા આત્મા યોજના સાથે કેટલા વર્ષથી જોડાયેલા છે, તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા % |
|---|---|---|---|
| 1. | 3 વર્ષથી વધુ | 22 | 24.44 |
| 2. | 5 વર્ષથી વધુ | 13 | 14.44 |
| 3. | 7 વર્ષથી વધુ | 19 | 21.11 |
| 4. | 10 વર્ષથી વધુ | 17 | 18.88 |
| 5. | 12. વર્ષથી વધુ | 19 | 21.11 |
| | કુલ | 90 | 100 |

સ્ત્રોત: પ્રાથમિક માહિતીના આધારે

**અર્થઘટન:**

ઉપરોક્ત કોષ્ટક નં.1. માં ઉત્તરદાતા આત્મા યોજના સાથે કેટલા વર્ષથી જોડાયેલા છે.તેનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. જેમાં3વર્ષથી વધુ સમયથી જોડાયેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ 24.44% છે. તથા ૫ વર્ષથી વધુ સમયથી જોડાયેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ 14.44% છે. 7 વર્ષથી વધુ સમયથી જોડાયેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ 21.11% છે. 10 વર્ષથી વધુ સમય જોડાયેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ 18.88% છે. 12 વર્ષથી વધુ સમયથી જોડાયેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ 21.11% છે. ત્રણ વર્ષથી વધુ સમયથી જોડાયેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે. આથી સ્પષ્ટ રીતે કહી શકાય કે આત્મા યોજનાનો પ્રચાર અને પ્રસાર થતો જાય તેમ તેમ લોકો આ યોજનામાં જોડાઈને લાભ લે છે. તેથી છેલ્લા 3 વર્ષથી વધુ જોડાયેલા ઉત્તરદાતાનું પ્રમાણ વધુ જોવા મળે છે.

2. આત્મા યોજના સાથે સંલગ્ન ઉતરદાતાની વાર્ષિક આવક દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા % |
|---|---|---|---|
| 1. | 100000 થી 200000 | 18 | 20 |
| 2. | 200000 થી 300000 | 65 | 72.22 |
| 3. | 300000 થી 400000 | 6 | 6.66 |
| 4. | 400000 થી 500000 | 1 | 1.11 |
| 5. | 500000 થી 600000 | 0 | 0.00 |
| | કુલ | 90 | 100 |

સ્ત્રોત: પ્રાથમિક માહિતીના આધારે

**અર્થઘટન**

ઉપરોક્ત કોષ્ટક -2માં આત્મા યોજના સાથે સંલગ્ન ઉત્તરદાતાઓની આવક નું પ્રમાણ દર્શાવતૂ કોષ્ટક જેમાં 1 લાખથી 2 લાખ સુધીની આવક મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 20 % છે. જ્યારે 2 લાખથી 3 લાખ સુધીની આવક મેળવતા ઉત્તરદાતાનું પ્રમાણ 72.22 % તથા 3 લાખથી ૪ લાખ સુધીની આવક મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 6.66% છે. 4 લાખથી 5 લાખ સુધીની આવક મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 1.11% છે. 5 લાખથી 6 લાખ સુધીની આવક મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 0.00% જોવા મળ્યું છે. આમ 4 લાખથી 5 લાખ સુધીની આવક મેળવતા ઉત્તરદાતાનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળ્યું છે. જ્યારે 1 લાખથી 2લાખ સુધીની આવક મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધારે છે. આમ, ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ કહી શકાય કે આત્મા યોજનામાં જોડાવાથી ઉત્તરદાતા સારી એવી આવક મેળવે છે. જેથી તેમની આર્થિક સ્થિતિ સારી છે.

3. ઉત્તરદાતાની આવક વધવાથી જીવન-ધોરણનું પ્રમાણ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા % |
|---|---|---|---|
| 1 | અતિ વધારે | 14 | 15.55 |
| 2 | વધારે | 35 | 38.88 |
| 3 | સામાન્યતઃ | 41 | 45.55 |
| 4 | ઓછું | 0 | 0.00 |
| 5 | સૌથી ઓછો | 0 | 0.00 |
| | કુલ | 90 | 100 |

સ્ત્રોત : પ્રાથમિક માહિતીના આધારે

**અર્થઘટન:**

ઉપરોક્ત કોષ્ટક 3 માં ઉત્તરદાતાની આવક વધવાથી જીવનધોરણમાં કેવો સુધારો થયો છે તે દર્શાવવામાં આવ્યું છે. નિદર્શ તરીકે પસંદ કરેલ 90 ઉત્તરદાતામાંથી 14 ઉત્તરદાતાનું જીવન ધોરણમાં અતિ વધારે સુધારો થયો છે. જેનું ટકાવારી પ્રમાણ 15.55 છે. જ્યારે 35 ઉત્તરદાતાના જીવનધોરણમાં વધારે સુધારો થયો છે. જેનું ટકાવારી પ્રમાણ 38.88% છે. 41 ઉત્તરદાતાના જીવનધોરણમાં સામાન્યતઃ સુધારો થયો છે. જેનું ટકાવારી પ્રમાણ 45.55% છે તેમજ જીવન ધોરણમાં ઓછો અને સૌથી ઓછો જવાબ આપનાર કોઈપણ ઉત્તરદાતા નથી તેથી આ કોષ્ટક પરથી ફલિત થાય છે કે આત્મા યોજના સાથે જોડાયેલા ખેડૂતોની આવક વધવાથી જીવનધોરણમાં સામાન્યતઃ સુધારો થયો છે.

**4. ઉત્તરદાતા આત્મા યોજનામાં જોડાયા પછી કઈ પ્રકારની તાલીમમાં ગયેલા છે તે અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા % |
|---|---|---|---|
| 1 | રાજ્ય બહારની તાલીમ | 37 | 41.11 |
| 2 | રાજ્ય અંદરની તાલીમ | 33 | 36.66 |
| 3 | જિલ્લા અંદરની તાલીમ | 20 | 22.22 |
| | કુલ | 90 | 100 |

સ્ત્રોત: પ્રાથમિક માહિતીના આધારે

**અર્થઘટન**

ઉપરોક્ત કોષ્ટક નં.4 માં ઉત્તરદાતા આત્મા યોજનામાં જોડાયા પછી કઈ પ્રકારની તાલીમમાં ગયેલા છે તેનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. નિદર્શ તરીકે પસંદ કરેલ 90 ઉત્તરદાતામાંથી 37 ઉત્તરદાતાઓ રાજ્ય બહારની તાલીમમાં ગયેલા છે જેનું ટકાવારી પ્રમાણ 41.11% છે. જ્યારે 33 ઉત્તરદાતા રાજ્ય અંદરની તાલીમમાં ગયેલા છે જેનું ટકાવારી પ્રમાણ 36.66% છે. 20 ઉત્તરદાતાઓ જીલ્લા અંદરની તાલીમમાં ગયેલા છે જેનું ટકાવારી પ્રમાણ 22.22% છે. કોષ્ટક પરથી જાણી શકાય છે કે, રાજ્ય બહારની તાલીમમાં લાભ લેનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ વધારે જોવા મળે છે.

**5. આત્મા યોજના સાથે જોડાઈને ઉત્તરદાતાઓએ કઈ પાક પદ્ધતિ અપનાવી છે તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા % |
|---|---|---|---|
| 1 | એક પાક પદ્ધતિ | 15 | 16.66 |
| 2 | બહુ પાક પદ્ધતિ | 33 | 36.66 |

| | | | |
|---|---|---|---|
| 3 | ત્રિસ્તરીય પાક પદ્ધતિ | 28 | 31.11 |
| 4 | ચતુર્થ સ્તરીય પાક પદ્ધતિ | 10 | 11.11 |
| 5. | પંચસ્તરીય પાક પદ્ધતિ | 4 | 4.44 |
| | કુલ | 90 | 100 |

સ્રોત: પ્રાથમિક માહિતીના આધારે

**અર્થઘટન :**

આત્મા યોજનાં સાથે જોડાઈને ઉત્તરદાતા કઈ પદ્ધતિ અપનાવી છે. તેનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. નિદર્શ તરીકે પસંદ કરેલ 90 ઉત્તરદાતા માંથી 15 (16.66 %) ઉત્તરદાતા એકપાક પદ્ધતિ અપનાવી રહ્યા છે.33 (36.66 %) ઉત્તરદાતા બહુપાક પદ્ધતિ અપનાવી રહ્યા છે. તેમજ 28 (31.11%) ઉત્તરદાતા ત્રિસ્તરીય પાક પદ્ધતિ અપનાવી રહ્યા છે.10 (11.11%) ઉત્તરદાતા ચતુર્થ સ્તરીય પાક પદ્ધતિ અપનાવી રહ્યા છે 4 (4.44) પંચસ્તરીય પાક પદ્ધતિ અપનાવી રહ્યા છે. આથી સ્પષ્ટ કહી શકાય કે, આત્મા યોજનામાં જોડાયા પછી ખેડૂતો મિશ્ર પાક પદ્ધતિ અપનાવી રહ્યા છે.

**6. ઉત્તરદાતાઓને આત્મા પ્રોજેક્ટ તરફથી બેસ્ટ ફાર્મર એવોર્ડ મળેલ છે કે નહીં તે અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા % |
|---|---|---|---|
| 1. | હા | 17 | 18.88 |
| 2. | નાં | 73 | 81.11 |
| | કુલ | 90 | 100 |

સ્રોત : પ્રાથમિક માહિતીના આધારે

**અર્થઘટન:**

ઉપરોક્ત કોષ્ટક નં.5માં ઉત્તરદાતાને આત્મા પ્રોજેકટ તરફથી બેસ્ટ ફાર્મર એવોર્ડ મળેલ છે કે નહી તેનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. નિદર્શ તરીકે પસંદ કરેલા 90 ઉત્તરદાતાઓમાંથી 17 ઉત્તરદાતાને બેસ્ટ ફાર્મર એવોર્ડ મળેલ છે. જેનું ટકાવારી પ્રમાણ 18.88% છે. જ્યારે ૭૩ ઉત્તરદાતાને બેસ્ટ ફાર્મર એવોર્ડ મળેલ નથી જેનું ટકાવારી પ્રમાણ 81.11 છે. આમ ઉપરોક્ત કોષ્ટક પરથી તારણ કાઢી શકાય છે કે 18.88% ઉત્તરદાતા ખેતીમાં આધુનિકીકરણ અપનાવી બેસ્ટ ખેતી કરે છે. જ્યારે 81.11% ઉત્તરદાતા આત્મા પ્રોજેક્ટનાં અધિકારીઓ પાસેથી માર્ગદર્શન મેળવી ખેતીમાં પ્રગતિ કરી રહ્યા છે.

**7. ખેત પાકોનાં પૂરતા ભાવો મળી રહે છે. કે નહી? તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા % |
|---|---|---|---|
| 1 | હા | 31 | 34.44 |
| 2 | ના | 59 | 65.55 |
| | કુલ | 90 | 100 |

સ્ત્રોત: પ્રાથમિક માહિતીના આધારે

**અર્થઘટન :**

ઉપરોક્ત કોષ્ટક-6માં ખેત પાકોના પૂરતા ભાવ મળી રહે છે કે નહી તે દર્શાવવામાં આવ્યું છે. નિદર્શ તરીકે પસંદ કરેલ 90 ઉત્તરદાતામાંથી 31 ઉત્તરદાતાને પૂરતાભાવ મળી રહે છે જેનું ટકાવારી પ્રમાણ 34.44% છે. જ્યારે 59 ઉત્તરદાતાને ખેતપાકોના પૂરતા ભાવ મળતા નથી જેનું ટકાવારી પ્રમાણ 65.55% છે.

## તારણો:

(1) પ્રસ્તુત સંશોધન અભ્યાસ પરથી જાણવા મળે છે કે આત્મા યોજના સાથે સંલગ્ન ખેડૂતો 24.44% ઉત્તરદાતા 3 વર્ષથી વધુ સમયથી આત્મા યોજના સાથે જોડાયેલા છે. આથી સ્પષ્ટ રીતે કહી શકાય

કે, આત્મા યોજનાનો પ્રચાર અને પ્રસાર થતો જાય છે. તેમ તેમ લોકો આ યોજનામાં જોડાઇને લાભ લે છે. તેથી છેલ્લા 3 વર્ષથી વધુ જોડાયેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ વધુ જોવા મળે છે.

(2) પ્રસ્તુત સંશોધન અભ્યાસ પરથી જાણવા મળે છે કે આત્મા યોજના સાથે સંલગ્ન ખેડૂતોની આવક 2 લાખથી 3 લાખ સુધીની આવક મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 72.22% છે. આથી સ્પષ્ટ કહી શકાય કે, આત્મા યોજનામાં જોડાયા પછી ઉત્તરદાતાની આવક વધવાથી ઉત્તરદાતાનાં જીવન-ધોરણમાં સારો વધારો થયો છે.

(3) પ્રસ્તુત સંશોધન અભ્યાસ પરથી જાણવા મળે છે કે રાજ્ય બહારની તાલીમમાં લાભ લેનાર ઉત્તરદાતા સૌથી વધુ 41.11% છે. તેમજ 18.88% ખેડૂતોને આત્મા પ્રોજેક્ટ તરફથી બેસ્ટ ફાર્મર એવોર્ડ મળેલ છે.81.11% ખેડૂતોને આત્મા એવોર્ડ મળેલ નથી. તેથી અભ્યાસ પરથી કહી શકાય કે,18.88% ખેડૂતો આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ તરફથી મેળવેલ માર્ગદર્શનથી બેસ્ટ ખેતી કરી રહ્યા છે. તેમજ 81.11% ખેડૂતો બેસ્ટ ખેતી કરવા માટેના પ્રયત્નો કરી રહ્યા છે.

(4) પ્રસ્તુત સંશોધન અભ્યાસ પરથી જાણવા મળે છે કે, આત્મા યોજના સાથે જોડાઈને ખેડૂતોએ બહુપાક પદ્ધતિ (36.66%) તેમજ ત્રિસ્તરીય પાક પદ્ધતિ (31.11%) ઉત્તરદાતાઓએ અપનાવી છે. આથી સ્પષ્ટ રીતે કહી શકાય કે, આત્મા યોજનામાં જોડાયા પછી ખેડૂતોની ખેતીમાં પરિવર્તન આવ્યા છે.

(5) પ્રસ્તુત અભ્યાસ પરથી જાણવા મળે છે કે, ખેડૂતોને પોતાના પાકનું ધાર્યું ઉત્પાદન મળે છે. પણ ખેત પાકોના પૂરતા ભાવો મળતા નથી.

## સંદર્ભ સૂચિ

1.ઉચાટ, ડી. (2012). *શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.* અમદાવાદ: સાહિત્ય મુદ્રણાલય.પીપી. 245-248

2.પટેલ, ડી. (2017). *સરકારી યોજનાઓ.* અમદાવાદ: અતુલ પ્રકાશન.પીપી. 146-147

3.Satya. P. et. al (2008), *Knowledge Level of Atma Beneficiaries About Bee-Keeping. India* Res. J. Ext. Edu. 8(2&3)

4. Patel.v.m, j.j. Mistry, Patel.D.B.(2017), *Adoption of Recommended Wheat and Cotton production Technology by Atma Beneficiary Farmers*. Guj.j.Ext.Edu.Vol.28: Iss1

5. https://atma.gujarat.gov.in